વેસ્ટર્ન ટાઇમ્સ

Gandhinagar 7 October, 2018

# 'શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર'માં પ્રાણીસેવા અભિયાન

**વલસાડ,**

ધરમપુર અને તેની આસપાસના વિસ્તારોમાં પ્રાણીઓ માટે તબીબી સુવિધા ઓછી પ્રાપ્ત થાય છે. વળી જરૂરિયાતમંદ લોકો યોગ્ય સારવારની પ્રક્રિયાથી અજાણ હોય છે અને પ્રાણીઓને પોષક ખોરાક પુરો પાડી શકતા નથી. આના કારણે પશુઓ નબળા હોય છે અને વિવિધ રોગોના શિકાર બને છે. આવા સંજોગોમાં પ્રાણીઓના ડોક્ટર, અને તબીબી ઉપકરણો, સ્ટાફ તથા દવા ધરાવતી 'શ્રીમદ્ રાજચંદ્ર મોબાઈલ વેટરનરી વાન' તેમના ઘરઆંગણે જઈ બિમાર અને ઈજાગ્રસ્ત પ્રાણીઓને રોગ નિરોધક, પ્રાથમિક અને તબીબી સારવાર આપે છે. શ્રીમદ્ રાજચંદ્રજીની અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રીની રાકેશભાઈની પ્રેરણાથી જીવમાત્રને શાતા પહોંચાડવાનો મહાયજ્ઞ છેલ્લા ૧૩ વર્ષથી ચાલી રહ્યો છે. તેમાંની પ્રાણીસેવાના અભિયાન અંતર્ગત મૂંગા અને અબોલ પ્રાણીઓની આરોગ્ય સંભાળ માટે આ વેટરનરી વાન કાર્યરત છે.


(તસ્વીર-અશોક જોષી, વલસાડ)

હાલનો જ એક કિસ્સો જોઈએ તો કપરાડા તાલુકાના દિવસી ગામમાં એક વૃદ્ધ બળદ શિંગડાના જીવલેણ કેન્સરથી ૬ મહિનાથી અસહ્ય પીડામાં હતો. શરૂઆતની તેની તબિયત એનેસ્થેશિયા આપી શકવા યોગ્ય ન હતી. આથી તેને અમુક દવાઓ અને સારવાર આપવામાં આવી. તબિયતમાં થોડો સુધારો થતાં શસ્ત્રક્રિયા કરી તેનું એ કેન્સરગ્રસ્ત શિંગડું દુર કરવામાં આવ્યું. શસ્ત્રક્રિયા પછી પાંચ દિવસ તેને તબીબોની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો. આજે તે સ્વસ્થ છે.

આવા જ એક બીજા કિસ્સામાં બારોલિયા ગામમાં એક બળદની પૂંછડીમાં ગેંગ્રીન થયું હતું. તેના ઘરઆંગણે શસ્ત્રક્રિયા કરી પૂંછડી દૂર કરવામાં આવી હતી અને ૧૨ દિવસની તબીબોની દેખરેખ બાદ તે સંપૂર્ણ નવજીવન પામ્યો હતો.

હજી વધુ એક કિસ્સામાં એક બળદથી પોતાનાથી જ પોતાની જીભ કપાઈ ગઈ હતી. તે ખૂબ પીડામાં હતો અને કશું જ ખાઈ શકતો ન હતો. તેની સંપૂર્ણ તપાસ બાદ શ્રીમદ્ રાજચંદ્ર પ્રાણીસેવાની ટીમના તબીબોએ તેની જીભની ઉપર અને નીચેની ચામડીને જોડવાની સફળ શસ્ત્રક્રિયા કરી તેને પીડામાંથી મુક્ત કર્યો. તાજેતરમાં જ બનેલી હજુ એક ઘટનામાં ધરમપુર-વલસાડ પાસે એક ગાય પર કાર ચાલી ગઈ હતી. તેના બંન્ને પગ ભાંગી ગયા હતા અને પેટમાં પણ ઈજા થઈ હતી. ઘટનાની જેવી જાણ થઈ કે તરત જ વિના વિલંબે પ્રાણીસેવાની ટીમના તબીબો ઘટનાસ્થળ પર પહોંચી ગયા, ગાયને સારવાર આપી અને તેને પ્રાણીઓના આશ્રયસ્થાન શ્રીમદ્ રાજચંદ્ર જીવ મૈત્રીધામ પર લઈ ગયા. ઘટનાસ્થળે હાજર લોકો અને પોલીસે તેઓની સેવા પ્રત્યેની તત્પરતા, કટિબદ્ધતા સંવેદનશીલતાની ખૂબ જ સરાહના કરી હતી.

ઈ.સ. ૨૦૧૫થી આજ પર્યંત ૨૯,૦૦૦થી વધુ પ્રાણીઓની આ રીતે ઘરઆંગણે સારવાર કરવામાં આવી છે જેમાં નિરોધક, રસીકરણ, પોષક આહાર, પ્રાથમિક સારવાર અને શસ્ત્રક્રિયાઓનો સમાવેશ થાય છે. ૧૩૨ ગામોમાં આ રીતે સારવાર આપનાર આ અભિયાન ધરમપુર માટે આશીર્વાદ સમાન પુરવાર થયું છે. ★